અગ્રતાક્રમ: **૦૬**

વિભાગ: આદિજાતિ વિકાસ વિભાગ

તારાંકિત પ્રશ્ન ક્રમાંક:- ૧૫/૪/૧૪૩૯

# પંદરમી ગુજરાત વિધાનસભા
## ચોથું સત્ર

પ્રશ્નનું શિર્ષક: આદિજાતિની કન્યાઓને ઉચ્ચ અભ્યાસ માટે સહાય

પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ
તથા તેમનો મત વિસ્તાર: શ્રીમતી સંગીતાબેન પાટીલ (લીંબાયત)

# આદિજાતિની કન્યાઓને ઉચ્ચ અભ્યાસ માટે સહાય

***15/4/1439 શ્રીમતી સંગીતાબેન પાટીલ (લીંબાયત): માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–**

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા આદિજાતિની કન્યાઓને ઉચ્ચ અભ્યાસ માટે સહાય આપવાની કોઈ યોજના અમલમાં છે કે કેમ, | (૧) | હા, જી. |
| (૨) જો હા, તો આ યોજના હેઠળ શું લાભ આપવામાં આવે છે, અને | (૨) | રાજ્ય સરકાર દ્વારા આદિજાતિની કન્યાઓને ઉચ્ચ અભ્યાસ માટે રાજ્ય સરકાર પોસ્ટ મેટ્રિક શિષ્યવૃતિ યોજના હેઠળ માન્યતા પ્રાપ્ત સંસ્થા/કોલેજમાં માન્યતા પ્રાપ્ત અભ્યાસક્રમ હેઠળ સક્ષમ સત્તા દ્વારા નિયત કરેલ ટ્યુશન ફી તેમજ નોન રીફન્ડેબલ ફી જેવી કે, પરીક્ષા ફી, લાયબ્રેરી ફી, આ ઉપરાંત ભારત સરકાર દ્વારા નિયત કરેલ અભ્યાસક્રમના ગૃપ મુજબ વાર્ષિક, ગૃપ ૧ માટે હોસ્ટેલર માટે ૧૨૦૦૦/– ડેસ્કોલર માટે ૫૫૦૦, ગૃપ ૨ માટે હોસ્ટેલર માટે ૮૨૦૦/– ડેસ્કોલર માટે ૫૩૦૦/– ગૃપ ૩ માટે હોસ્ટેલર માટે ૫૭૦૦/– ડેસ્કોલર માટે ૩૦૦૦/– અને ગૃપ ૪ માટે હોસ્ટેલર માટે ૩૮૦૦/– ડેસ્કોલર માટે ૨૩૦૦/– મેન્ટેનન્સ એલાઉન્સ આપવામાં આવે છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રાજ્ય સરકારે કેટલી રકમની સહાય આપી છે? | (૩) | ઉક્ત સ્થિતિએ આ યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં રૂ.૧૨૫૪૭.૬૩ લાખની સહાય આપેલ છે. |

| | |
|---|---|
| વર્ષ ૨૦૨૨<br>(૦૧/૦૧/૨૦૨૨ થી તા.૩૧/૧૨/૨૦૨૨) | રૂ. ૭૨૦૮.૩૯ લાખ |
| વર્ષ ૨૦૨૩<br>(૦૧/૦૧/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩) | રૂ. ૫૩૩૯.૨૪ લાખ |
| કુલ | રૂ. ૧૨૫૪૭.૬૩ લાખ |

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૧૪૩૯**
**પ્રભારી ધારાસભ્યશ્રીનું નામ: શ્રીમતી સંગીતાબેન પાટીલ (લીંબાયત)**
**પૂરક પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રીનું નામ: શ્રીમતી સંગીતાબેન પાટીલ (લીંબાયત)**

---

**પ્રશ્ન:-(૧) રાજ્ય સરકાર પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજનામાં એમ.બી.બી.એસ. / એમ.ડી./એમ.એસ. ક્ષેત્રે છેલ્લા બે વર્ષમાં કેટલી વિદ્યાર્થીનીઓને શિષ્યવૃત્તિ ચુકવવામાં આવેલ છે?**

**જવાબ:- મેડિકલ ક્ષેત્રે છેલ્લા બે વર્ષમાં લાભ આપેલ વિદ્યાર્થીનીઓને શિષ્યવૃત્તિ ચુકવણી અંગેની જિલ્લાવાર વિગત નીચે મુજબ છે:**

| અનુ. નં. | જિલ્લાનું નામ | વર્ષ ૨૦૨૨ | | વર્ષ ૨૦૨૩ | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|
| | | શિષ્યવૃત્તિની રકમ (રૂ.લાખમાં) | લાભાર્થીઓની સંખ્યા | શિષ્યવૃત્તિની રકમ (રૂ.લાખમાં) | લાભાર્થીઓની સંખ્યા | શિષ્યવૃત્તિની રકમ (રૂ.લાખમાં) | લાભાર્થીઓની સંખ્યા |
| ૧ | બનાસકાંઠા | ૪૩૮.૧૨ | ૮૩ | ૪૪૭.૭૮ | ૮૭ | ૮૮૫.૯૦ | ૧૭૦ |
| ૨ | સાબરકાંઠા | ૯૦.૨૪ | ૩૨ | ૬.૫૫ | ૨ | ૯૬.૭૯ | ૩૪ |
| ૩ | દાહોદ | ૧૮૬.૭૪ | ૨૬ | ૯૩.૫૦ | ૧૩ | ૨૮૦.૨૪ | ૩૯ |
| ૪ | વડોદરા | ૩૫૪.૫૬ | ૯૨ | ૨૭૫.૪૫ | ૮૦ | ૬૩૦.૦૧ | ૧૭૨ |
| ૫ | ભરૂચ | ૩૫.૦૯ | ૧૨ | ૪૯.૫૪ | ૨૧ | ૮૪.૬૩ | ૩૩ |
| ૬ | સુરત | ૫૩૫.૪૭ | ૭૪ | ૧૪૨.૫૬ | ૧૮ | ૬૭૮.૦૩ | ૯૨ |
| ૭ | વલસાડ | ૫૭.૧૨ | ૧૮ | ૬૧.૩૬ | ૨૨ | ૧૧૮.૪૮ | ૪૦ |
| ૮ | અમદાવાદ | ૨૧૮૭.૫૪ | ૩૪૮ | ૧૩૮૦.૦૬ | ૨૧૬ | ૩૫૬૭.૬૦ | ૫૬૪ |
| ૯ | રાજકોટ | ૭૮.૯૦ | ૭૦ | ૬૫.૪૬ | ૬૨ | ૧૪૪.૩૬ | ૧૩૨ |
| ૧૦ | ભાવનગર | ૨૬૮.૦૬ | ૬૪ | ૩૦૫.૯૬ | ૪૭ | ૫૭૪.૦૨ | ૧૧૧ |
| ૧૧ | કચ્છ-ભુજ | ૯૮.૨૦ | ૧૧ | ૭૫.૬૦ | ૭ | ૧૭૩.૮૦ | ૧૮ |
| | **કુલ** | **૪૩૩૦.૦૪** | **૮૩૦** | **૨૯૦૩.૮૨** | **૫૭૫** | **૭૨૩૩.૮૬** | **૧૪૦૫** |

## મેડીકલ ક્ષેત્રે મહત્તમ શિષ્યવૃત્તિ આપેલ હોય તેવી વિદ્યાર્થીનીઓની વિગત:

1) સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલ સી.યુ.શાહ મેડિકલ કોલેજ ખાતે મેડિકલ ક્ષેત્રે અભ્યાસ કરતા પટેલ દિવાંગી પ્રવિણકુમાર, મુ.તા. ચીખલી જી.નવસારી કે જેઓ મેડિકલ ક્ષેત્રે એમ.ડી. રેડિયોલોજી અભ્યાસક્રમમાં વર્ષ:૨૦૨૦–૨૧ માં પ્રવેશ મેળવેલ હતો. જે અભ્યાસક્રમની વાર્ષિક ફી રૂ.૩૩.૦૦ લાખ છે. તેઓને સમગ્ર અભ્યાસ દરમિયાન કુલ રૂ. ૯૯.૦૦ લાખ (અંકે રૂપિયા નવ્વાણું લાખ પુરા) તથા આ ઉપરાંત અન્ય મળવાપાત્ર ફી જેમ કે નિભાવભથ્થુ તથા પરીક્ષા ફી રૂ.૩૧,૯૦૦ પણ પણ સરકારશ્રી દ્વારા આપવામાં આવેલ છે.

2) સી.યુ.શાહ મેડીકલ કોલેજમાં એમ.ડી.રેડીયોલોજીમાં વર્ષ:૨૦૧૯–૨૦માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીની નામે વહીયા ખુશ્બુ શૈલેષભાઇ જેઓને તેઓના આખા અભ્યાસક્રમ દરમિયાન કુલ રૂ. ૯૬.૦૦ (અંકે રૂપિયા છન્નુ લાખ પુરા) શિષ્યવૃત્તિ સહાય રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવેલ છે.

3) વિદ્યાર્થીની નામે પારગી ખુશ્બુ રામજીભાઇ, મુ.સમી, તા. સંતરામપુર, જિ. મહીસાગરના વતની છે. તેઓના વાલીની વાર્ષિક આવક રૂ.૧૭.૦૦ લાખ છે. ખુશ્બુ પારગીએ મેડીકલ ક્ષેત્રે સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલ સી.યુ.શાહ મેડીકલ કોલેજમાં એમ.ડી. રેડિયોલોજી અભ્યાસક્રમમાં વર્ષ:૨૦૧૮–૧૯માં પ્રવેશ મેળવેલ હતો. જે અભ્યાસક્રમની વાર્ષિક ફી રૂ.૩૦.૦૦ લાખ છે. જે પૈકી તેઓને વાર્ષિક રૂ.૨૮.૦૨ લાખ મુજબ ત્રણ વર્ષના કુલ રૂ.૮૪.૦૬ લાખ (અંકે રૂપિયા ચોર્યાસી લાખ છ હજાર પુરા) શિષ્યવૃત્તિ તથા આ ઉપરાંત અન્ય મળવાપાત્ર ફી જેમ કે નિભાવભથ્થુ તથા પરીક્ષા ફી રૂ.૨૬,૬૦૦ પણ સરકારશ્રી દ્વારા શિષ્યવૃત્તિ સહાય પેટે આપવામાં આવેલ છે.

4) વિદ્યાર્થીની નામે ચૌધરી ફાલ્ગુની સુરેશભાઇ, મુ.ઉમરકચ્છ,તા. ડોલવણ, જિ. તાપીના વતની છે. તેઓના વાલીની વાર્ષિક આવક રૂ.૧૧.૦૦ લાખ છે. ફાલ્ગુની ચૌધરીએ મેડીકલ ક્ષેત્રે સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલ સી.યુ.શાહ મેડીકલ કોલેજમાં એમ.ડી. રેડિયોલોજી અભ્યાસક્રમમાં વર્ષ:૨૦૧૮–૧૯માં પ્રવેશ મેળવેલ હતો. જે અભ્યાસક્રમની વાર્ષિક ફી રૂ.૩૦.૦૦ લાખ છે. જે પૈકી તેઓને વાર્ષિક રૂ.૨૮.૦૨ લાખ મુજબ ત્રણ વર્ષના કુલ રૂ.૮૪.૦૬ લાખ (અંકે રૂપિયા ચોર્યાસી લાખ છ હજાર પુરા) શિષ્યવૃત્તિ તથા આ ઉપરાંત અન્ય મળવાપાત્ર ફી જેમ કે નિભાવભથ્થુ તથા પરીક્ષા ફી રૂ.૧૮,૪૦૦ પણ સરકારશ્રી દ્વારા શિષ્યવૃત્તિ સહાય પેટે આપવામાં આવેલ છે.

5) વિદ્યાર્થીની નામે વળવી શ્રેયલ શશિકાંતભાઇ, મુ.જામણ,તા. ઉચ્છલ, જિ. તાપીના વતની છે. તેઓના વાલીની વાર્ષિક આવક રૂ.૫.૦૦ લાખ છે. શ્રેયલ વળવીએ મેડીકલ ક્ષેત્રે સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલ સી.યુ.શાહ મેડીકલ કોલેજમાં એમ.ડી. ગાયનેક અભ્યાસક્રમમાં વર્ષ:૨૦૧૮–૧૯માં પ્રવેશ મેળવેલ હતો. જે અભ્યાસક્રમની વાર્ષિક ફી રૂ.૨૨.૦૦ લાખ છે. જે પૈકી તેઓને વાર્ષિક રૂ.૨૦.૫૫ લાખ મુજબ ત્રણ વર્ષના કુલ રૂ.૬૧.૬૫ લાખ (અંકે રૂપિયા એકસઠ લાખ પાસઠ હજાર પુરા) શિષ્યવૃત્તિ તથા આ ઉપરાંત અન્ય મળવાપાત્ર ફી જેમ કે નિભાવભથ્થુ તથા પરીક્ષા ફી રૂ.૨૪,૪૦૦ પણ સરકારશ્રી દ્વારા શિષ્યવૃત્તિ સહાય પેટે આપવામાં આવેલ છે.

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૧૪૩૯**
**પ્રભારી ધારાસભ્યશ્રીનું નામ: શ્રીમતી સંગીતાબેન પાટીલ (લીંબાયત)**
**પૂરક પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રીનું નામ: ડૉ. દર્શનાબેન દેશમુખ (નાંદોદ)**

---

**પ્રશ્ન:- (૨) આદિજાતિ કન્યાઓને ઉચ્ચ અભ્યાસ માટે સહાય બાબતે છેલ્લા બે વર્ષમાં કેટલી કન્યાઓને શિષ્યવૃત્તિ ચુકવવામાં આવેલ છે?**

**જવાબ:**

| Sr. No. | જિલ્લાનું નામ | વર્ષ ૨૦૨૨ (તા.૦૧/૦૧/૨૦૨૨ થી તા.૩૧/૧૨/૨૦૨૨) | | વર્ષ ૨૦૨૩ (તા.૦૧/૦૧/૨૦૨૩ થી ૩૧/૧૨/૨૦૨૩) | | કુલ (રકમ રૂ. લાખમાં) | |
|---|---|---|---|---|---|---|---|
| | | ચુકવેલ શિષ્યવૃત્તિની રકમ | લાભાર્થીઓ ની સંખ્યા | ચુકવેલ શિષ્યવૃત્તિની રકમ | લાભાર્થીઓ ની સંખ્યા | ચુકવેલ શિષ્યવૃત્તિની કુલ રકમ | લાભાર્થીઓ ની કુલ સંખ્યા |
| ૧ | બનાસકાંઠા | ૭૦૬.૩૩ | ૬૪૨ | ૬૬૩.૫૯ | ૫૧૯ | ૧૩૬૯.૯૨ | ૧૧૬૧ |
| ૨ | સાબરકાંઠા | ૧૫૯.૪૬ | ૧૯૫ | ૨૮.૬૬ | ૬૬ | ૧૮૮.૧૨ | ૨૬૧ |
| ૩ | અરવલ્લી | ૭૬.૦૩ | ૨૦૪ | ૬૮.૪૩ | ૧૭૬ | ૧૪૪.૪૬ | ૩૮૦ |
| ૪ | પંચમહાલ | ૭૦.૩૪ | ૧૬૦ | ૪૧.૪૨ | ૬૫ | ૧૧૧.૭૬ | ૨૨૫ |
| ૫ | મહિસાગર | ૩૭.૭૧ | ૧૦૭ | ૮.૯૭ | ૨૧ | ૪૬.૬૮ | ૧૨૮ |
| ૬ | દાહોદ | ૨૧૬.૯૧ | ૪૧ | ૯૪.૧૫ | ૩૩ | ૩૧૧.૦૬ | ૭૪ |
| ૭ | વડોદરા | ૭૧૨.૭૫ | ૬૬૩ | ૬૭૧.૭૪ | ૫૧૫ | ૧૩૮૪.૪૯ | ૧૧૭૮ |
| ૮ | છોટાઉદેપુર | ૧૩.૨૭ | ૮૯ | ૧૦.૦૬ | ૫૫ | ૨૩.૩૩ | ૧૪૪ |
| ૯ | નર્મદા | ૧૩.૪૮ | ૬૧ | ૨૭.૭૫ | ૧૩૨ | ૪૧.૨૩ | ૧૯૩ |
| ૧૦ | ભરૂચ | ૫૭.૭૮ | ૧૭૯ | ૧૦૦.૧૨ | ૧૯૨ | ૧૫૭.૯ | ૩૭૧ |
| ૧૧ | તાપી | ૨૨.૪૪ | ૧૩૫ | ૧૫.૨૪ | ૭૦ | ૩૭.૬૮ | ૨૦૫ |
| ૧૨ | સુરત | ૬૩૯.૦૨ | ૬૭૮ | ૪૧૯.૮૬ | ૫૭૩ | ૧૦૫૮.૮૮ | ૧૨૫૧ |
| ૧૩ | નવસારી | ૧૧૦.૯૩ | ૩૭૧ | ૧૧૦.૧૪ | ૩૬૪ | ૨૨૧.૦૭ | ૭૩૫ |
| ૧૪ | વલસાડ | ૬૩.૯૭ | ૧૬૭ | ૧૮૦.૨૩ | ૪૧૭ | ૨૪૪.૨ | ૫૮૪ |
| ૧૫ | અમદાવાદ | ૩૫૦૭.૯ | ૨૦૯૧ | ૨૨૪૮.૯ | ૯૭૯ | ૫૭૫૬.૮ | ૩૦૭૦ |
| ૧૬ | રાજકોટ | ૩૫૭.૯૩ | ૫૭૧ | ૧૮૦.૦૫ | ૨૨૬ | ૫૩૭.૯૮ | ૭૯૭ |
| ૧૭ | ભાવનગર | ૨૬૩.૫૬ | ૧૬૭ | ૪૧૧.૬૭ | ૧૫૬ | ૬૭૫.૨૩ | ૩૨૩ |
| ૧૮ | ડાંગ | ૩.૭ | ૫૭ | ૧.૯૧ | ૨૦ | ૫.૬૧ | ૭૭ |
| ૧૯ | કચ્છ | ૧૭૪.૮૮ | ૫૪ | ૫૬.૩૫ | ૩૫ | ૨૩૧.૨૩ | ૮૯ |
| | **કુલ** | **૭૨૦૮.૩૯** | **૬૬૩૨** | **૫૩૩૯.૨૪** | **૪૬૧૪** | **૧૨૫૪૭.૬૩** | **૧૧૨૪૬** |

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૧૪૩૯**
**પ્રભારી ધારાસભ્યશ્રીનું નામ: શ્રીમતી સંગીતાબેન પાટીલ (લીંબાયત)**
**પૂરક પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રીનું નામ: શ્રી અભેસિંહ તડવી (સંખેડા)**

---

**પ્રશ્ન:– (૩) આદિજાતિ કન્યાઓને ઉચ્ચ અભ્યાસ માટે પોસ્ટ મેટ્રિક સ્કોલરશીપ યોજના હેઠળ કયા કયા કોર્ષનો સમાવેશ થાય છે. ?**

**જવાબ:–** આ યોજના હેઠળ ચાર ગ્રુપમાં અભ્યાસક્રમોનું વર્ગીકરણ કરેલ છે.

**ગ્રુપ (૧)ના અભ્યાસક્રમો :**

બેચલર, માસ્ટર ડિગ્રી, એમ.ફિલ/પી.એચ.ડી, ડીગ્રી કોર્ષ, પી.જી.ડિપ્લોમા જેવા પ્રોફેશનલ કોર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને જો તે હોસ્ટેલર હોય તો માસિક રૂા.૧૨૦૦ (૧૦ માસ માટે) અને જો ડેસ્કોલર હોય તો રૂા.૫૫૦ (૧૦ માસ માટે) નિભાવ ભથ્થા સહાય પુરી પાડવામાં આવે છે.

**ગ્રુપ (૨)ના અભ્યાસક્રમો :**

જે ગ્રુપ–૧માં સમાવિષ્ટ ન થતાં હોય તેવા નોન–પ્રોફેશનલ કોર્ષ બી.એ/બી.કોમ./ બી.એસ.સી તથા એમ.એ./એમ.કોમ/એમ.એસ.સી વિગેરે કોર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને જો તે હોસ્ટેલર હોય તો માસિક રૂા.૮૨૦ (૧૦ માસ માટે) અને જો ડેસ્કોલર હોય તો રૂા.૫૩૦ (૧૦ માસ માટે) નિભાવ ભથ્થા સહાય પુરી પાડવામાં આવે છે.

**ગ્રુપ (૩)ના અભ્યાસક્રમો :**

વોકેશનલ સ્ટ્રીમ, આઇ.ટી.આઇ. , પોલિટેકનિક ૩ વર્ષ ડિપ્લોમા કોર્ષ વિગેરે જેવા કોર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને જો તે હોસ્ટેલર હોય તો માસિક રૂા.૫૭૦ (૧૦ માસ માટે) અને જો ડેસ્કોલર હોય તો રૂા.૩૦૦ (૧૦ માસ માટે) નિભાવ ભથ્થા સહાય પુરી પાડવામાં આવે છે.

**ગ્રુપ (૪)ના અભ્યાસક્રમો :**

ધોરણ ૧૧ અને ૧૨ તથા ધોરણ.૧૦ પછીના તમામ પોસ્ટ–મેટ્રિક કક્ષાના નોન–ડિગ્રી અભ્યાસક્રમો જેવા કોર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને જો તે હોસ્ટેલર હોય તો માસિક રૂા.૩૮૦ (૧૦ માસ માટે) અને જો ડેસ્કોલર હોય તો રૂા.૨૩૦ (૧૦ માસ માટે) નિભાવ ભથ્થા સહાય પુરી પાડવામાં આવે છે.

ચાર ગ્રુપમાં વર્ગીકરણ હેઠળ ઉપરના બધા કોર્ષમાં પોસ્ટ મેટ્રિક સ્કોલરશીપ આપવામાં આવે છે.

## પૂરક માહિતી

**પ્રશ્નઃ– ૧ શિષ્યવૃત્તિ મંજુર કરવા માટેની પ્રકિયા શું છે?**

**જવાબઃ–**

**વિદ્યાર્થી કક્ષા**

- સૌ પ્રથમ વિદ્યાર્થીઓએ ડિજીટલ ગુજરાત પોર્ટલ વેબસાઈટ www.digitalgujarat.gov.in પર લોગીન કરી તેઓના મોબાઈલ નંબર અથવા ઈ–મેઈલ આઈ.ડી દ્વારા રજીસ્ટ્રેશન કરવાનું રહે છે. જો અગાઉથી રજીસ્ટ્રેશન કરેલ હોય તો ફરીથી રજીસ્ટ્રશન કરવાનું રહેતું નથી.
- લોગ ઈન આઈ.ડી તથા પાસવર્ડ થી ડિજીટલ ગુજરાત પોર્ટલમાં લોગીન થયા બાદ “Scholarship Option” પર કિલક કરી લાગુ પડતી યોજનામાં ઓનલાઈન શિષ્યવૃત્તિની અરજી કરવાની રહે છે.
- વિદ્યાર્થી દ્વારા ઓનલાઈન ડીજીટલ ગુજરાત પોર્ટલ પર અરજી કરતી વખતે નીચે મુજબના ડોક્યુમેન્ટ અપલોડ કરવાના રહે છે:
    - ✓ જાતિનો દાખલો.
    - ✓ બેંક પાસબુક
    - ✓ વર્તમાન કોર્ષની ફી રસીદ
    - ✓ છેલ્લા અભ્યાસક્રમની માર્કશીટ
    - ✓ પિતા/વાલીનો આવકનો દાખલો
    - ✓ આધારકાર્ડની નકલ
    - ✓ અભ્યાસમાં ગેપ હોય તો ગેપ સર્ટી
    - ✓ ફ્રીશીપ કાર્ડ (લાગુ પડતુ હોય તો)
    - ✓ નિયત નમુનાનું હોસ્ટેલ સર્ટી (લાગુ પડતુ હોય તો)

✓ સંસ્થાનું આઇ કાર્ડ

- અરજી ફોર્મની સંપુર્ણ વિગત ભરાયા બાદ વિદ્યાર્થીના રજીસ્ટ્રેશનમાં દર્શાવેલ મોબાઇલ નંબર પર આવતા ઓ.ટી.પી દ્ધારા વેરીફાય એન્ડ કન્ફર્મ કરી ફાઇનલ સબમીટ કરવામાં આવે છે. તથા તેની હાર્ડકોપી લાગુ પડતા કાગળો સહિત સલંગ્ન સંસ્થામાં જમા કરવાના રહે છે.

- વિદ્યાર્થી દ્ધારા કરેલ અરજી ફાઇનલ સબમીટ ઓનલાઇન થયા બાદ તે અરજી જે–તે શાળા/કોલેજ/સંસ્થાના આચાર્યશ્રીના લોગીન આઇ.ડી પર આવે છે.

**આચાર્યશ્રી કક્ષા**

- ડિજીટલ ગુજરાત પોર્ટલ પર વિદ્યાર્થી દ્ધારા કરવામાં આવેલ સંસ્થા/કોલેજના આચાર્યશ્રીના લોગીન ઇન આઇ.ડી પર આવે છે.
- આચાર્યશ્રી દ્ધારા વિદ્યાર્થીની અરજી તથા તેની હાર્ડકોપી મળ્યેથી તેનુ વેરીફીકેશન તથા તેમાં અપલોડ કરેલ તમામ ડોક્યુમેન્ટ/ વિગતો બરાબર છે કે કેમ ? તેની ચકાસણી કરવામાં આવે છે.
- ત્યારબાર આચાર્યશ્રી દ્ધારા જે–તે કોર્ષનો સમયગાળો, વિદ્યાર્થીની હાજરી, પ્રવેશ તારીખ, કોર્ષની ફી વગેરેની ખરાઇ કરવામાં આવે છે. અરજી ચકાસણી કર્યા બાદ જો બરાબર હોય તો તે વિદ્યાર્થીની અરજી મંજુર કરવામાં આવે છે. પરંતુ વિદ્યાર્થી દ્ધારા કરવામાં આવેલ અરજીમાં જો કોઇ ક્વેરી હોય તો તે પુર્તતા કરવા માટે જે–તે વિદ્યાર્થીને પરત કરવામાં આવે છે.
- આચાર્યશ્રી દ્ધારા એપ્રુવ કરેલ અરજીઓને આચાર્યશ્રીના ઓ.ટી.પી. દ્ધારા સંલગ્ન મદદનીશ કમિશનરશ્રી (આદિજાતિ વિકાસ)ના ડીલીંગ લેવલ પર ઓનલાઇન મોકલી આપવામાં આવે છે તથા વિદ્યાર્થીઓ પાસેથી મળેલ અરજીઓની યોજના વાઇઝ ફાઇલ બનાવી તેમાં સંસ્થાને લગતા સાધનિક કાગળો જેમ કે સંસ્થાની માન્યતા/મંજુરી, કોર્ષની મંજુરી, કોર્ષની ફી મંજુરી / ફી રેગ્યુલેટરી કમિટી (FRC) , સંસ્થાનું એફીલેશન વગેરે સંલગ્ન જીલ્લા કચેરીને મોકલી આપવામાં આવે છે.

**સંબંધિત સત્તા (જિલ્લા કક્ષા):-**

- જિલ્લા કક્ષા દ્વારા સંસ્થા/કોલેજ તરફથી મળેલ ઓનલાઇન અરજીઓ તથા સંસ્થા/કોલેજના કાગળોની સંપુર્ણ ચકાસણી કરવામાં આવે છે ત્યારબાદ ભારત સરકારશ્રીની પ્રવર્તમાન પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિની ગાઇડલાઇન મુજબ મળેલ અરજીઓ મંજુર કરવાપાત્ર હોય તો તે મંજુર કરવામાં આવે છે પરંતુ જો મળેલ અરજીમાં કોઇ ક્વેરી હોયતો તેની આચાર્યશ્રી લેવલે ક્વેરીની પુર્તતા કરવા માટે પરત મોકલી આપવામાં આવે છે.
- જિલ્લા કક્ષામાં મંજુર કરેલ અરજીઓને તેના ઓ.ટી.પી. દ્વારા સક્ષમ સત્તાધિકારી કક્ષાને મોકલી આપવામાં આવે છે.

**સક્ષમ સત્તાધિકારી કક્ષા**

- જિલ્લા કક્ષામાં મળેલ અરજીઓની સક્ષમ સત્તાધિકારી દ્વારા ફરીથી ભારત સરકારશ્રીની પ્રવર્તમાન પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિની ગાઇડલાઇન મુજબ સંપુર્ણ ચકાસણી કરી અરજીઓ મંજુર કરવાપાત્ર હોય તો તે મંજુર કરવામાં આવે છે તથા કોઇ ક્વેરી હોયતો ક્વેરીની પુર્તતા કરવા પરત મોકલી આપવામાં આવે છે.

- મંજુર કરેલ અરજીઓને ઓ.ટી.પી. દ્વારા બીલમાં મોકલવામાં આવે છે તથા ઉપલબ્ધ ગ્રાન્ટ મુજબ તેના બીલો બનાવી નિયમોનુસાર શિષ્યવૃત્તિ ચુકવણી કરવામાં આવે છે.

**પ્રશ્ન:-૨ ડીજીટલ ગુજરાત પોર્ટલ પર અરજીઓ પેન્ડિંગ રહેવાના તેમજ આદિજાતિના વિદ્યાર્થીઓને સમયસર શિષ્યવૃત્તિ મળતી નથી, શિષ્યવૃત્તિ મંજુર કરવામાં વિલંબ થવાના કારણો શું છે?**

**જવાબ:-**

- વિદ્યાર્થી દ્વારા કરેલ અરજી સાથે માંગ્યા મુજબની વિગત અને આધાર પુરાવા અધુરા હોવાથી પુર્તતા માટે પરત કરેલ અરજીઓ સમયમર્યાદામાં ન મળવાના કારણે પડતર છે.

- અન્ય રાજ્યમાં અભ્યાસ કરતા આદિજાતિના વિદ્યાર્થીઓ દ્વારા કરેલ અરજીઓ ચકાસણી અને પુર્તતાના કારણે પડતર રહેલ છે.

- નાણાકીય વર્ષ:૨૦૨૨-૨૩ દરમિયાન તા.૦૧/૦૪/૨૦૨૨ થી તા.૩૦/૧૧/૨૦૨૨ સુધી રાજ્ય સરકારની આઇ.એફ.એમ.એસ સિસ્ટમ મારફત વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ ચુકવણી કરવામાં આવેલ પરંતુ તા.૩૦/૧૧/૨૦૨૨ પછી કેન્દ્ર પુરસ્કૃત યોજના હેઠળ પી.એફ.એમ.એસ સિસ્ટમ મારફત શિષ્યવૃત્તિ ચુકવણી કરવા માર્ગદર્શન આપવામાં આવેલ જેના કારણે વિલંબ થવા પામેલ

- પી.એફ.એસ.એસ મારફતે ચુકવણી પ્રક્રિયામાં જિલ્લા કચેરીઓ દ્વારા જયારે અરજી મંજુર કરવામાં આવે છે ત્યારે તે અરજી વિદ્યાર્થીઓ પબ્લિક ફાયનાન્સીયલ મેનેજમેન્ટ સિસ્ટમ (PFMS) પોર્ટલ પર એપ્રુવલ માટે જતાં હોઇ તે સમયે જો વિદ્યાર્થીનું બેંક એકાઉન્ટનું આધાર સીડીંગ તથા નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઓફ ઇન્ડીયા (NPCI) મેપીંગ ન થયેલ હોય તો તેવા કિસ્સાઓમાં પેમેન્ટની ચુકવણી થઇ શકતી ન હોવાથી ચુકવણીમાં વિલંબ થવા પામેલ છે.

- ભારત સરકાર પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિની નવી ગાઇડ લાઇનમાં મેડીકલ, એન્જીનિયરીંગ તથા અન્ય અભ્યાસક્રમો માટે સીલીંગ લીમીંટ દાખલ કરવામાં આવેલ છે. જ્યારે જુની ગાઇડલાઇનમાં આ પ્રકારની કોઇ સીલીંગ લીમીટ ન હતી. જેથી વર્ષ:૨૦૨૨-૨૩માં બાકી રહેલ વિદ્યાર્થીઓને નવીન ગાઇડલાઇન મુજબ ચુકવણી બાબતે પ્રશ્ન ઉપસ્થિત થયેલ.

- ખાનગી યુનિવર્સિટીમાં રાષ્ટ્રીય મૂલ્યાંકન અને માન્યતા પરિષદ (NAAC)/ રાષ્ટ્રીય માન્યતા બોર્ડ (NBA) "A" સમકક્ષ માન્યતા ધરાવતી હોય તેવી જ ખાનગી યુનિવર્સિટીઓને શિષ્યવૃત્તિ આપવા જણાવેલ હોઇ તે સિવાયની અન્ય ખાનગી યુનિવર્સિટીમાં વર્ષ:૨૦૨૨-૨૩માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ ચુકવણી બાબતે પ્રશ્ન ઉપસ્થિત થયેલ છે.

**પ્રશ્ન:-૩ ભારત સરકારની નવી ગાઈડલાઈનમાં સીલીંગ લીમીટ લાગુ કરાયેલ છે, તો આ સીલીંગ લીમીટથી વધારાની ફી માટે રાજ્ય સરકારે કોઈ ઠરાવ કરેલ છે ? કે કેમ?**

**જવાબ:-** હા. રાજ્ય સરકારના આદિજાતિ વિકાસ વિભાગના તા.૦૫/૦૮/૨૦૨૩ના ઠરાવથી રાજ્યના અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે ભારત સરકારની પોસ્ટ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત શિષ્યવૃત્તિની રકમનું ચૂકવણું કરવા નીચે મુજબની જોગવાઈઓ કરેલ છે.

(૧) અગાઉના શૈક્ષણિક વર્ષમાં એડમિશન લીધેલ હોય અને શિષ્યવૃત્તિ આપવામાં આવેલ હોય તેઓને ચાલુ વર્ષે તેમજ હવે પછીના વર્ષોમાં શિષ્યવૃત્તિ મંજુર થયા પ્રમાણે આપવાની રહેશે.

(૨) સરકારી ક્વોટામાં મેરીટમાં એડમિશન લીધેલ હોય તેવા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને ફી રેગ્યુલેટિંગ કમિટી (FRC) એ નક્કી કરેલ ફ્રી મુજબ ભારત સરકારે નક્કી કરેલ રૂ.૬.૦૦ લાખની મર્યાદામાં શિષ્યવૃત્તિ આપવાની રહેશે. પરંતુ જે અભ્યાસક્રમોમાં ફી રૂ.૬.૦૦ લાખ કરતાં વધારે હોય તેવા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓના કિસ્સાઓમાં વધારાની રકમ રાજ્ય સરકાર તરફથી ભોગવવાની રહેશે, તેમ જોગવાઈ કરેલ છે.

પરંતુ, આદિજાતિની કન્યાઓને રાજ્ય શિષ્યવૃત્તિ યોજના એ ૧૦૦ ટકા રાજ્ય પુરસ્કૃત યોજના છે. જેમાં કેન્દ્ર સરકાર પાસેથી કોઈ ગ્રાન્ટ લેવાની રહેતી નથી.

**પ્રશ્ન:-૪ સેલ્ફ ફાઈનાન્સ કોલેજોમાં અભ્યાસ કરતી અનુ. જનજાતિની કન્યાઓને શિષ્યવૃત્તિ તેમજ શિક્ષણ ફી ચુકવવા માટે આવક મર્યાદાનું ધોરણ લાગુ પડે છે ?**

**જવાબ:-** કોઈ જ આવક મર્યાદા લાગુ પડતી નથી.

આદિજાતિ વિકાસ વિભાગના તા.૧૧/૧૧/૨૦૦૯ ના ઠરાવથી આવક મર્યાદા ધ્યાને લીધા સિવાય રાજ્ય સરકારના ભંડોળમાંથી પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ ચુકવવાની જોગવાઈ છે તે જ રીતે માન્યતા પ્રાપ્ત સેલ્ફ ફાઈનાન્સ કોલેજોમાં અભ્યાસ કરતી અનુ. જનજાતિની કન્યાઓને પણ શિષ્યવૃત્તિ તેમજ શિક્ષણ ફી ચુકવવામાં આવે છે.

અનુસુચિત આદિજાતિઓના સર્વાંગી વિકાસ માટે ભારત સરકાર તથા ગુજરાત સરકાર સતત પ્રયત્નશીલ છે. વ્યકિતગત તથા સામાજિક વિકાસમાં શિક્ષણ મહત્વનો રોલ નિભાવે છે. રાજયના નાગરિકોને ગુણવત્તાયુકત શિક્ષણ પુરુ પાડી સાક્ષરતાનો દર વધે તેમજ ડ્રોપ આઉટ ઘટે તે માટે સરકાર પ્રતિબધ્ધ હોઈ શૈક્ષણિક ક્ષેત્રે વિવિધ યોજનાઓનું અમલીકરણ કરવામાં આવે છે.

ભારત સરકારના આદિજાતિ બાબતોના મંત્રાલય દ્વારા લાયકાત ધરાવતા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને ધોરણ ૧૦ એસ.એસ.સી પછીના ધોરણ ૧૧ થી પોસ્ટ ગ્રેજ્યુએટ સુધી વિવિધ ગૃપના માન્ય અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે આપવામાં આવતી શિષ્યવૃત્તિ સહાયની યોજનામાં વિદ્યાર્થીઓના કુટુંબની વાર્ષિક આવક મર્યાદા રૂ.૨.૫૦ લાખ નક્કી થયેલ છે, જેથી વાર્ષિક રૂા.૨.૫૦ લાખથી વધુ આવક ધરાવતા કુટુંબની કન્યાઓ ભારત સરકાર પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજનાનો લાભ મેળવી શકતી નથી.

અનુસૂચિત જનજાતિની વાર્ષિક રૂા.૨.૫૦ લાખથી વધુ આવક ધરાવતા કુટુંબની કન્યાઓ શિષ્યવૃત્તિના લાભથી વંચિત ના રહે તે હેતુથી રાજય સરકાર દ્વારા અનુ.જનજાતિની વધુ આવક ધરાવતી કન્યાઓ માટે રાજય શિષ્યવૃત્તિ યોજના વર્ષ ૨૦૦૯–૧૦ થી અમલમાં મુકેલ છે. જેમાં આવક મર્યાદા ધ્યાને લીધા સિવાય ભારત સરકાર પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજનાના ધોરણે જ વધુ આવકવાળી કન્યાઓને પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિની સહાય રાજ્ય સરકાર દ્વારા ચુકવવામાં આવે છે.

આ યોજના હેઠળ આદિજાતિની વિદ્યાર્થીનીના વાલીની આવક માર્યાદા ધ્યાને લીધા સિવાય માન્યતા પ્રાપ્ત સંસ્થા/કોલેજમાં માન્યતા પ્રાપ્ત અભ્યાસક્રમ હેઠળ સક્ષમ સત્તા દ્વારા નિયત કરેલ ટ્યુશન ફી તેમજ નોન રીફન્ડેબલ ફી જેવી કે, પરીક્ષા ફી, લાયબ્રેરી ફી, આ ઉપરાંત ભારત સરકારની ગાઈડ લાઈન મુજબ તેમજ ભારત પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજનાના ધોરણે જ વધુ આવક ધરાવતી કન્યાઓને નીચે જણાવેલ ગૃપવાઈઝ કોર્ષ અનુસાર સ્ટાઈપેન્ડ આપવામાં આવે છે.

**ગ્રુપ (૧) ના અભ્યાસક્રમો :**

બેચલર, માસ્ટર ડિગ્રી, એમ.ફિલ/પી.એચ.ડી, ડીગ્રી કોર્ષ, પી.જી.ડિપ્લોમા જેવા પ્રોફેશનલ કોર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને જો તે હોસ્ટેલર હોય તો માસિક રૂા.૧૨૦૦ (૧૦ માસ માટે) અને જો ડેસ્કોલર હોય તો રૂા.૫૫૦ (૧૦ માસ માટે) નિભાવ ભથ્થા સહાય પુરી પાડવામાં આવે છે.

**ગ્રુપ (૨) ના અભ્યાસક્રમો :**

જે ગ્રુપ-૧માં સમાવિષ્ટ ન થતાં હોય તેવા નોન-પ્રોફેશનલ કોર્ષ બી.એ/બી.કોમ./ બી.એસ.સી તથા એમ.એ./એમ.કોમ/એમ.એસ.સી વિગેરે કોર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને જો તે હોસ્ટેલર હોય તો માસિક રૂા.૮૨૦ (૧૦ માસ માટે) અને જો ડેસ્કોલર હોય તો રૂા.૫૩૦ (૧૦ માસ માટે) નિભાવ ભથ્થા સહાય પુરી પાડવામાં આવે છે.

**ગ્રુપ (૩) ના અભ્યાસક્રમો :**

વોકેશનલ સ્ટ્રીમ, આઇ.ટી.આઇ., પોલિટેકનિક ૩ વર્ષ ડિપ્લોમા કોર્ષ વિગેરે જેવા કોર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને જો તે હોસ્ટેલર હોય તો માસિક રૂા.૫૭૦ (૧૦ માસ માટે) અને જો ડેસ્કોલર હોય તો રૂા.૩૦૦ (૧૦ માસ માટે) નિભાવ ભથ્થા સહાય પુરી પાડવામાં આવે છે.

**ગ્રુપ (૪) ના અભ્યાસક્રમો :**

ધોરણ ૧૧ અને ૧૨ તથા ધોરણ: ૧૦ પછીના તમામ પોસ્ટ-મેટ્રિક કક્ષાના નોન-ડિગ્રી અભ્યાસક્રમો જેવા કોર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને જો તે હોસ્ટેલર હોય તો માસિક રૂા.૩૮૦ (૧૦ માસ માટે) અને જો ડેસ્કોલર હોય તો રૂા.૨૩૦ (૧૦ માસ માટે) નિભાવ ભથ્થા સહાય પુરી પાડવામાં આવે છે.

દિવ્યાંગજન વિદ્યાર્થી હોય તો ઉકત નિભાવ ભથ્થા સહાય ઉપરાંત હોસ્ટેલર વિદ્યાર્થી હોય તો રૂા.૮૦૦/- પ્રતિ માસ (રૂા. ૯૬૦૦ વાર્ષિક) તથા ડેસ્કૉલર વિદ્યાર્થી હોય તો રૂા. ૬૦૦/- પ્રતિ માસ (રૂા.૭૨૦૦ વાર્ષિક) લેખે ચુકવવામાં આવે છે.

| ક્રમ | પ્રશ્ન | જવાબ |
|---|---|---|
| ૧ | આદિજાતિની કન્યાઓ માટેની રાજ્ય શિષ્યવૃત્તિ યોજના કયારથી અમલમાં આવેલ છે ? | શિક્ષણ વિભાગના તા.૧૧/૧૧/૨૦૦૯ ના ઠરાવથી વર્ષ ૨૦૦૯-૧૦ થી અમલમાં છે. |
| ૨ | આદિજાતિની કન્યાઓને રાજ્ય શિષ્યવૃત્તિ આપવા માટેની યોજનાનો ઉદ્દેશ/ હેતુ શું છે ? | ભારત સરકારના આદિજાતિ બાબતોના મંત્રાલય દ્વારા લાયકાત ધરાવતા અનુ. જનજાતિના વિદ્યાર્થીઓને ધોરણ ૧૦ એસ.એસ.સી પછીના ધોરણ ૧૧ થી પોસ્ટ ગ્રેજ્યુએટ સુધી વિવિધ ગૃપના માન્ય અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે આપવામાં આવતી શિષ્યવૃત્તિ સહાયની યોજનામાં વિદ્યાર્થીઓના કુટુંબની વાર્ષિક આવક મર્યાદા રૂ.૨.૫૦ લાખ નક્કી થયેલ છે, જેથી વાર્ષિક રૂા.૨.૫૦ લાખથી વધુ આવક ધરાવતા કુટુંબની કન્યાઓ ભારત સરકાર પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજનાનો લાભ મેળવી શકતી નથી.<br>અનુસૂચિત જનજાતિની વાર્ષિક રૂા.૨.૫૦ લાખથી વધુ આવક ધરાવતા કુટુંબની કન્યાઓ શિષ્યવૃત્તિના લાભથી વંચિત ના રહે તે હેતુથી રાજય સરકાર દ્વારા અનુ.જનજાતિની વધુ આવક ધરાવતી કન્યાઓ માટે શિષ્યવૃત્તિ યોજના વર્ષ ૨૦૦૯-૧૦ થી અમલમાં મુકેલ છે. જેમાં આવક મર્યાદા ધ્યાને લીધા સિવાય ભારત સરકાર પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજનાના ધોરણે જ વધુ આવકવાળી કન્યાઓને પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિની સહાય રાજ્ય સરકાર દ્વારા ચુકવવામાં આવે છે. |

| | | |
|---|---|---|
| ૩ | ભારત સરકારની પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના અને આદિજાતિની કન્યાઓને રાજ્ય શિષ્યવૃત્તિ યોજના વચ્ચે તફાવત શું છે ? | ભારત સરકારની પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના કુમાર અને કન્યા બંન્નેને લાભ મળે છે, જ્યારે વધુ આવકવાળી કન્યાઓ માટેની રાજ્ય શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત માત્ર કન્યાઓને લાભ મળે છે.<br>ભારત સરકારની પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજનામાં વિદ્યાર્થીઓના વાલીની વાર્ષિક આવક મર્યદા રૂ.૨.૫૦ લાખ નિયત થયેલ છે, જ્યારે વધુ આવકવાળી કન્યાઓ માટેની રાજ્ય શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત કોઈ આવક મર્યાદા લાગુ પડતી નથી.<br>ભારત સરકારની પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજનામાં ચુકવવામાં આવતી શિષ્યવૃત્તિની કુલ રકમમાં ભારત સરકાર હિસ્સો ૭૫% અને રાજ્ય સરકારનો હિસ્સો ૨૫% છે, જ્યારે વધુ આવકવાળી કન્યાઓ માટેની રાજ્ય શિષ્યવૃત્તિ યોજનાએ ૧૦૦% રાજ્યની યોજના છે, જેમાં કેન્દ્ર સરકારનો કોઇ હિસ્સો નથી. |
| ૪ | આદિજાતિની કન્યાઓને રાજ્ય શિષ્યવૃત્તિ યોજના અન્વયે દિવ્યાંગજનો માટે કોઈ વધારાની સહાય આપવામાં આવે છે કે કેમ ? | ભારત સરકારની પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજનાના ધોરણે આદિજાતિની કન્યાઓને રાજ્ય શિષ્યવૃત્તિ યોજના હેઠળ દિવ્યાંગજન વિદ્યાર્થીની માટે શિષ્યવૃતિ ઉપરાંત હોસ્ટેલર હોય તો રૂ.૮૦૦/– પ્રતિ માસ (વાર્ષિક રૂ.૯૬૦૦/–) તથા ડેસ્કૉલર હોય તો રૂ.૬૦૦/– પ્રતિ માસ (વાર્ષિક રૂ.૭૨૦૦/–) લેખે ચુકવવામાં આવે છે. |

| | | |
|---|---|---|
| ૫ | સેલ્ફ ફાઈનાન્સ કોલેજોમાં અભ્યાસ કરતી અનુ. જનજાતિની કન્યાઓને શિષ્યવૃત્તિ તેમજ શિક્ષણ ફી ચુકવવા માટે આવક મર્યાદાનું ધોરણ લાગુ પડે છે ? | કોઈ જ આવક મર્યાદા લાગુ પડતી નથી. આદિજાતિ વિકાસ વિભાગના તા.૧૧/૧૧/૨૦૦૯ ના ઠરાવથી આવક મર્યાદા ધ્યાને લીધા સિવાય રાજ્ય સરકારના ભંડોળમાંથી પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ ચુકવવાની જોગવાઈ છે તે જ રીતે માન્યતા પ્રાપ્ત સેલ્ફ ફાઈનાન્સ કોલેજોમાં અભ્યાસ કરતી અનુ. જનજાતિની કન્યાઓને પણ શિષ્યવૃત્તિ તેમજ શિક્ષણ ફી ચુકવવામાં આવે છે. |
| ૬ | સેલ્ફ ફાઈનાન્સ કોલેજોમાં અભ્યાસ કરતી અનુ. જનજાતિની કન્યાઓને સરકારી કોલેજો મુજબ જ શિક્ષણ ફી મળે છે કે સેલ્ફ ફાઈનાન્સ સંસ્થાઓની પુરેપુરી શિક્ષણ ફી મળે છે | માન્યતા પ્રાપ્ત સેલ્ફ ફાઈનાન્સ કોલેજોમાં માન્ય અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવેલ અનુ.જનજાતિની કન્યાઓને બધા સ્તરે ફી માંથી મુક્તિ આપેલ હોઈ સંબંધિત અભ્યાસક્રમ માટે સરકાર માન્ય શિક્ષણ ફી તથા નોન રીફન્ડેબલ ફી ચુકવવામાં આવે છે. (તા.૧૧/૧૧/૨૦૦૯ નો ઠરાવ) |
| ૭ | ભારત સરકાર દ્વારા તા.૦૧/૦૪/૨૦૨૨ થી અમલિત નવીન ગાઇડલાઇનમાં રાખવામાં આવેલ સીલીંગ લીમીટ મુજબ ઇજનેરી અને અન્ય અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે રાજ્ય સરકાર વધારાનો ખર્ચ ભોગવવા માંગે છે કે કેમ? | ભારત સરકાર દ્વારા તા.૦૧/૦૪/૨૦૨૨ થી અમલિત નવીન ગાઇડલાઇનમાં રાખવામાં આવેલ સીલીંગ લીમીટ મુજબ ઇજનેરી અને અન્ય અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે રાજ્ય સરકાર વધારાનો ખર્ચ ભોગવવા બાબતે દરખાસ્ત કરવામાં આવેલ છે જે વિચારણા હેઠળ છે. |
| ૮ | પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજના હેઠળ સરકારશ્રી દ્વારા આપવામાં આવતી શિષ્યવૃત્તિ સહાય તેઓના બેંક ખાતામાં કેવી રીતે જમાં થાય છે? | ડિજીટલ ગુજરાત પોર્ટલ પર વિદ્યાર્થીનું જે બેંક એકાઉન્ટ તેના આધારકાર્ડ સાથે લીંક થયેલ હોય તે બેંક ખાતામાં વિદ્યાર્થીની શિષ્યવૃત્તિ સહાય જમા થાય છે. |

| | | |
|---|---|---|
| ૯ | ડિજીટલ ગુજરાત પોર્ટલ પર પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજના હેઠળ વિદ્યાર્થીઓ દ્ધારા શિષ્યવૃત્તિની અરજી સમયે વિદ્યાર્થીઓ બેવડાય નહી તે માટે શું વ્યવસ્થા રાખેલ છે? | ડિજીટલ ગુજરાત પોર્ટલ પર શિષ્યવૃત્તિ અરજી કરતી વખતે આધારનંબરની વિગત ભરવી ફરજિયાત છે. જેથી કોઇ વિદ્યાર્થી દ્ધારા જે–તે નાણાકીય વર્ષમાં આ યોજના હેઠળ જો એક વાર અરજી કરેલ હોય અને તે જ વર્ષમાં તે જ વિદ્યાર્થી દ્ધારા પુન: અરજી કરવામાં આવે તો તે વિદ્યાર્થીની અરજી ડિજીટલ ગુજરાત પોર્ટલ પર સબમીટ થઇ ન શકે તેવી વ્યવસ્થા કરવામાં આવેલ છે જેથી ડુપ્લીકેશન ન થાય. |

અગ્રતા ક્રમઃ– (૬)

(૧) ડૉ. દર્શનાબેન દેશમુખ (નાંદોદ)

(૨) શ્રી અભેસિંહ તડવી (સંખેડા)